## તબીબી સારવાર ખર્ચની મંજૂરી અંગે

કમિશનરશ્રી, મ. ભો. અને શાળાઓની કચેરી, ક્રમાંક : અનદ-2/બમશ/માધ્ય/ઘ/ત.સા./2000-01/7506-31
બ્લોક નં. 12, ડો. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર, તા. 22-5-2000

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (તમામ)

**વિષય :** તબીબી સારવાર ખર્ચની મંજૂરી બાબત.

**સંદર્ભ :** *(1) અત્રેનો પત્રાંક : અનદ-2/બમશ/ઘ/માધ્યમિક તબીબી/સારવાર/5225-44, તા. 29-5-'98.*

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓની તબીબી સારવાર ખર્ચની મંજૂરી માટે સંદર્ભથી દરખાસ્ત મોકલી આપવા જણાવવામાં આવેલ છે. તેમ છતાં કેટલાક સમયથી જિલ્લા શિક્ષણાધિકારીઓ તરફથી તે પ્રમાણે દરખાસ્ત મોકલવામાં આવતી નથી, જે બરાબર નથી.

આ ઉપરાંત તબીબી સારવાર ખર્ચ મંજૂરી અંગે શાળાના કર્મચારીઓ બારોબાર આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગને રજૂઆત કરતા હોય છે. જે રજૂઆત જે-તે વહીવટી વિભાગ એટલે કે શિક્ષણ વિભાગને મોકલવાના પ્રસંગો ઊભા થાય છે અને આ પ્રક્રિયા સતત ચાલુ રહેતાં વિભાગના કાર્યભારણમાં વધારો થાય છે તેમ જ કામના નિકાલમાં વિલંબ થાય છે. જેથી આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના તા. 1-4-2000ના પરિપત્રક્રમાંક : એમએજી-2000-262-અ થી સૂચના આપેલ છે અને ચેકલિસ્ટમાં દરખાસ્ત મોકલી આપવા જણાવેલ છે.

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના તા. 1-4-2000ના પરિપત્રની નકલ આ સાથે સામેલ છે. તો તેમાં જણાવેલ સૂચના, અત્રેના તા. 29-5-'98ના પત્રાંક મુજબ દરખાસ્ત તેમ જ આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગે તૈયાર કરેલ ચેકલિસ્ટ મુજબ દરખાસ્ત ત્રણ નકલમાં મોકલી આપવી.

આપના જિલ્લાની બિનસકારી માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓ તબીબી સારવાર ખર્ચની દરખાસ્તો આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, શિક્ષણ વિભાગ અને અત્રેની કચેરીને બારોબાર ન મોકલે પરંતુ આપના મારફતે મોકલાય તેવી સૂચના આપી પરિપત્રની જાણ કરશો.

અત્રેના તા. 29-5-'98ના પત્રાંક અને આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગના તા. 1-4-2000 ના પરિપત્ર મુજબ અધૂરી વિગતોવાળી દરખાસ્ત અત્રે મળશે તો તે પરત કરવામાં આવશે જેની નોંધ લેશો.

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગે તૈયાર કરેલ ચેકલિસ્ટ મુજબ જ દરખાસ્ત મોકલી આપવી. ચેકલિસ્ટનો નમૂનો આ સાથે સામેલ છે.

સહી, સત્તાધિકારી
નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગર

* * *